સ્વામિશ્રીજી

# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા



**પ્રભુ** પરમની ચેતનાને રોમે રોમે પ્રસરાવી દો
અહંભાવના કોષ માત્રને વિદારી દો
આંખે દિવ્યભાવનાં અંજન આંજી લો
ધબકારે શ્રીજીનો શ્વાસ ધબકાવી દો
મનને મૂર્તિના પ્રેમલ આશ્લેષે મહેંકાવી લો
બુદ્ધિના પ્રાંગણે પ્રભુ-માહાત્મ્ય છલકાવી દો
સમગ્રને સમર્પણના નાદે ગુંજવી દો
'સ્વ' ભાવને નિઃશેષ ઓગાળી દો.
પરમભાવે વિહરો
ચૈતન્યભાવે વિચરો
દિવ્યભાવે ઊભરો
આત્મભાવે ઉજાશો
સહજાનંદે ડૂબી જાઓ.
હવે એકમાત્ર તે
તમે શૂન્ય
તે પૂર્ણ
તમે બે નથી
એકરૂપ ચૈતન્ય
તમે નિરાકાર
તે એક સાકાર
તો પૂર્ણ તમે
પૂર્ણમાંથી પૂર્ણ
બંનેની પૂર્ણતા અકબંધ
પૂર્ણને સર્વ પૂર્ણ ભાસે
આવાં એક નથી
અનંત પૂર્ણને... આવકારો
આનંદો... વિશ્વાનંદો !!!
બ્રહ્માનંદો !!! સહજાનંદો !!! ◆

બ્રહ્મજ્યોતિ, યુ.કે., ૧૦.૯.૦૩

**પરમની** પદાવલિ મને નિત નિરંતર સંભળાય છે.
તેના નાદે તો હું ડગ માંડું છું.
તે દિશા તો મારે મન પૂર્વ દિશા છે.
મારો સુખનો સૂરજ ત્યાં ઊભરે છે.
પદાવલિની સાથે મને તેનું વિમલ હાસ્ય સંભળાય છે.
અને તેની તો મને ખુશી છે.
મારી દિશા સાચી છે તેનું અનુમોદન છે.
પગલે પગલે નિશ્ચિંત છું.
મારી સંવેદનાઓને બાજુ પર રાખી
તેની પ્રેરણાઓ ઝીલતો જાઉં છું, જીવ્યે જાઉં છું.
પ્રત્યેક પ્રેરણાની પાંખે સુવર્ણમય પ્રકાશ.
આંખો અંજાઈ જાય... આશ્ચર્યની પરંપરા સર્જે
અને બોલ સરી પડે
વાહ પ્રભુ ! ધન્ય થઈ ગયો.
સહજાનંદ - બ્રહ્માનંદથી ભરાઈ ગયો.
સુખથી છલકાઈ ગયો.
શાન્તિની ચાદરમાં લપેટાઈ ગયો.
તારામાં સમાઈ ગયો,
સહજાનંદ પ્રાગટ્ય રોમે રોમે માણી રહ્યો. ◆

અનુપમ મિશન, બોરીવલી, ૧.૪.૧૯૯૩, હરિનવમી, ચૈત્ર સુદ-૯.

સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.

